


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ અંક : ૧૨ * * * સંવત ૨૦૮૧ માગશર સુદ આઠમ, સોમવાર ૦૯ ડિસેમ્બર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૮

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

### સમગ્ર સીરિયા પર બળવાખોર દળોનો કાબૂ, પ્રમુખ બશર અલ-અસ્સાદ પરિવાર અને સહાયકો સાથે ફરાર

# સીરિયામાં બળવો : અડધી સદીના એકહથ્થુ શાસનનો અંત

### સીરિયામાં તખ્તા પલટ પછી સત્તાના વ્યવસ્થિત હસ્તાંતરણ માટે યુએનની હાકલ

**મહત્વના શહેરો કબજે કર્યા બાદ બળવાખોરોએ રાજધાની દમાસ્કસ પર પણ સરળતાથી કબજો કરી લીધો**







**બશર** અલ અસ્સાદના શાસનના અંત પછી નાગરિકોએ રાષ્ટ્રપતિ ભવનમાં પ્રવેશીને કિંમતી સામગ્રીની લૂંટ ચલાવી

**દમાસ્કસ, તા. 8 :** સીરિયામાં બળવાખોર દળોએ રાજધાની દમાસ્કસ પર પણ આસાનીથી કબજો જમાવી લીધો તે સાથે લગભગ આખા દેશ પર આ દળોનો કબજો થઇ ગયો હતો અને આ દેશમાં છેલ્લા ૫૦ વર્ષથી અસ્સાદ કુટુંબના ચાલતા લોખંડી શાસનનો અંત આવ્યો હતો અને નાગરિકોએ શેરીઓમાં ઉતરી આવીને આની ઉજવણી કરી હતી. દેશના શાસન પર બળવાખોરો કબજો જમાવે તે પહેલા જ પ્રમુખ બશર અલ-અસ્સાદ અને તેમના કુટુંબીઓ અને સહાયકો દેશ છોડીને ભાગી ગયા હતા.

વર્ષોથી અસ્સાદ કુટુંબના શાસન સામે લડત ચલાવી રહેલ બળવાખોરોને છેલ્લા કેટલાક દિવસથી સતત સફળતા મળી રહી હતી. એલેપ્પો અને હોમ્સ જેવા મહત્વના શહેરો પર તેમનો કબજો થયા બાદ અસ્સાદ કુટુંબના શાસનનો અંત આવે તેની ઘડીઓ ગણાવા માંડી હતી. બળવાખોર દળો છેવટે રાજધાની દમાસ્કસ તરફ આગળ વધ્યા હતા અને ખૂબ જ સરળતાથી આ શહેર પર પણ કબજો જમાવી

...અનુસંધાન પાના 5 પર

### તમામ સમુદાયોને સલામતીની બળવાખોરોની ખાતરી

**બળવાખોરોના** નેતા અબુ મોહમ્મદ અલ-ગોલાની અલ-કાયદાના ભૂતપૂર્વ કમાન્ડર છે પણ વર્ષો પહેલા તેમણે આ જૂથ છોડી દીધું છે અને જણાવ્યું છે કે પોતે બહુધ્રુવીયતા અને ધાર્મિક સહિષ્ણુતા અપનાવી છે. બળવાખોરોના એક કમાન્ડર અનસ સલખાદીએ સરકારી ટીવી પર હાજર થઇને કહ્યું હતું કે તમામ ધાર્મિક અને વંશીય લઘુમતિઓને સલામતી મળશે. સલખાદીએ કહ્યું હતું કે સીરિયા તમામનું છે અને તેમાં કોઇ અપવાદ નથી.

### અલ-અસ્સાદ રશિયામાં હોવાના અહેવાલ

**ક્રેમલિન.** દેશ છોડીને ભાગેલા સીરિયન પ્રમુખ બશર અલ-અસ્સાદ અને તેમના કુટુંબીજનો રશિયા આવી પહોંચ્યા છે અને રશિયાએ તેમને રાજ્યાશ્રય આપ્યો છે એ મુજબ અનેક રશિયન મીડિયા ગૃહોએ અહેવાલ આપ્યા હતા. મોડી રાતે આવેલા આ અહેવાલ સાથે અસ્સાદ ક્યાં છે તે રહસ્યનો અને અટકળોનો અંત આવ્યો હતો.

### સીરિયામાં તમામ ભારતીયો સલામત છે: સરકારી સૂત્રો

સીરિયા પર બળવાખોરોએ કબજો જમાવ્યા પછીના સંજોગોમાં ત્યાં વસતા તમામ ભારતીય સલામત છે એમ આજે કેટલાક સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. ભારતીય દૂતાવાસ દમાસ્કસમાં કાર્યરત જ છે એ મુજબ સૂત્રોએ જણાવ્યું હતું અને વધુમાં કહ્યું હતું કે સીરિયા ખાતેનું ભારતીય દૂતાવાસ તમામ ભારતીય નાગરિકોના સતત સંપર્કમાં છે અને તેઓ સલામત છે. સત્તાવાર આંકડાઓ પ્રમાણે સીરિયામાં ૯૦ જેટલા ભારતીય નાગરિકો છે તેમાંથી ૧૪ જણા યુએનની વિવિધ સંસ્થાઓમાં કાર્યરત છે.



### અસ્સાદ ક્યાં છે તે અમે જાણતા નથી: વડાપ્રધાન

દમાસ્કસ : બળવાખોરોના વિજય પહેલા જ દેશ છોડીને ફરાર થઇ ગયેલા પ્રમુખ બશર અલ-અસ્સાદ ક્યાં છે તેની સરકારને માહિતી નહીં હોવાનું સીરિયાના વડાપ્રધાન મોહમ્મદ ગાઝી અલ-જલાલીએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ...અનુસંધાન પાના 5 પર

### બળવાખોર નેતાએ લડવૈયાઓને સરકારી ઇમારતો નજીક જવાની મનાઇ કરી

બૈરૂત : સીરિયાના બળવાખોર જૂથ હયાત તાહીર અલ-શામ ગ્રુપ અથવા એચટીએસના નેતાએ પોતાના લડવૈયાઓને સૂચના આપી છે કે તેઓ સરકારી સંસ્થાઓની નજીક જાય નહીં અને કહ્યું હતું કે આ સંસ્થાઓ હાલ દેશના વડાપ્રધાનની દેખરેખ હેઠળ રહેશે. જ્યાં સુધી ...અનુસંધાન પાના 5 પર

### સીરિયાના વડા પ્રધાને કહ્યું કે, તેઓ સત્તાના સુત્ર વિપક્ષને સોંપવા તૈયાર છે

દમાસ્કસ : સીરિયન વડા પ્રધાન મોહમ્મદ ગાઝી જલાલીએ એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું કે, સરકાર વિપક્ષ તરફ તેનો હાથ લંબાવવા અને તેનાં કાર્યો સંક્રમણકારી સરકારને સોંપવા માટે તૈયાર છે. જલીલીએ કહ્યું, ''હું મારા ઘરમાં છું અને મેં ઘર છોડ્યું નથી અને આ આ દેશ ...અનુસંધાન પાના 5 પર

### સિરિયાના નાગરિકો દમાસ્કસમાં ઉજવણી કરવા માર્ગો પર ઉતર્યા

દમાસ્કસ: સીરિયન નાગરિકોના ટોળા દમાસ્કસના મધ્ય ચોકમાં ઉજવણી કરવા માટે ભેગા થયા હતા, તેમણે અસદ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને કારના હોર્ન વગાડ્યા હતા. કેટલાક વિસ્તારોમાં, ઉજવણી માટે ગોળીબારનો અવાજ આવ્યો. 'મારી લાગણીઓ અવર્ણનીય છે. ...અનુસંધાન પાના 5 પર

## બાંગ્લાદેશમાં સ્થિતિ પર પશ્ચિમ બંગાળમાં વિરોધ પ્રદર્શનો, ઢાકાની સાડીઓ સળગાવવામાં આવી

**પ્રદર્શનકારીઓએ** બાંગ્લાદેશી સામાનનો બહિષ્કાર કરવાની હાકલ કરી



**કોલકાતા, તા. 8 (PTI):** બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ પરના અત્યાચારને લઈને રવિવારે પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

હિન્દુત્વવાદી જૂથો દ્વારા કોલકાતા, કાંથી, કાકદ્વીપ, સંદેશખલી અને પુરુલિયામાં આયોજિત વિરોધ રેલીઓમાં સેંકડો લોકો જોડાયા હતા અને હિન્દુ નેતા ચિન્મય કૃષ્ણ દાસને તાત્કાલિક મુક્ત કરવાની હાકલ કરી હતી. કોલકાતા નજીક સોલ્ટ લેક ઈન્ટરનેશનલ બસ ટર્મિનસની બહાર પ્રદર્શનમાં વિરોધીઓએ બાંગ્લાદેશની ઢાકાઈ જામદાની સાડીઓને આગ

...અનુસંધાન પાના 5 પર

### બાંગ્લાદેશમાં ઇસ્કોનના શ્રદ્ધાળુઓ સામેની ધમકીઓ વધી રહી છે: રાધારમણ દાસ

**કોલકાતા.** ઇસ્કોન કોલકાતાના પ્રવક્તા રાધારમણ દાસે આજે આક્ષેપ કર્યો હતો કે બાંગ્લાદેશમાં કેટલાક જૂથો ઇસ્કોનના શ્રદ્ધાળુઓ અને તેમના ટેકેદારોનો સંહાર કરવા માટે ખુલ્લેઆમ પ્રવચનો કરી રહ્યા છે. એક્સ પર મૂકેલી એક પોસ્ટમાં, દાસે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસમાં બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓ દેશમાં ખાનગી વિમાનોમાં આમથી તેમ ઉડાઉડ કરી રહ્યા છે અને ઇસ્કોનના શ્રદ્ધાળુઓ અને તેમના ટેકેદારોનું નિકંદન કાઢી નાખવા માટેના ભાષણો આપી રહ્યા છે... અને આ કટ્ટરવાદીઓને નાથવામાં બાંગ્લાદેશ સરકારની નિષ્ક્રિયતા વધુ દુઃખદ છે. એક વીડિયો પણ સોશ્યલ મીડિયા પર ફરતો થયો હતો, જેની સત્યતા જો કે પીટીઆઇ દ્વારા સ્વતંત્ર રીતે ચકાસી શકાઇ ન હતી, તેમાં એક બાંગ્લાદેશી કટ્ટરવાદી નેતાએ ઇસ્કોનને કેન્સર સાથે સરખાવ્યું હતું અને ઇસ્કોનના ...અનુસંધાન પાના 5 પર

તા.૦૮-૧૨-૨૦૨૪નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૨૯.૬° સે. | ૧૫.૮° સે. | ૩૪% |

## ખેડૂતોએ દિલ્હી તરફની કૂચ ફરી એકવાર મોકૂફ રાખી



**પહેલા નાસ્તો** કરાવી ખેડૂતો પર પોલીસે ટિયર ગેસ છોડ્યો અને વોટર કેનનથી પાણીનો મારો ચલાવ્યો, આઠ ખેડૂતોને ઇજા, એક ખેડૂત હોસ્પિટલમાં

**શંભુ, તા. 8 (PTI):** વિરોધકર્તા ખેડૂતોએ રવિવારે તેમની દિલ્હી તરફની પદયાત્રા અહીં તેમના કેટલાક સભ્યોને હરિયાણા પોલીસ દ્વારા છોડવામાં આવેલા ટિયર ગેસના ટેટાઓને કારણે ઇજાઓ થઇ તેના પછી મોકૂફ રાખી હતી. પંજાબના ખેડૂત નેતા સરવન સિંઘ પાંઢેરે જણાવ્યું ...અનુસંધાન પાના 5 પર




